# ૧લી એપ્રિલથી ઈન્કમટેક્સના નવા નિયમો અમલી બનશે: પાંચ લાખ સુધી પાંચ ટકા ટેક્સ વસૂલાશે

નવી દિલ્હી, તા. ૨૪

નાણાકીય બિલ પાસ થવાની સાથે જ લોકસભાએ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ સામાન્ય બજેટ અંતર્ગતનાં દરેક કામ પૂર્ણ કરી દીધાં છે. બજેટમાં પ્રસ્તાવિત ટેક્સથી જોડાયેલી જોગવાઇ પહેલી એપ્રિલથી અમલમાં આવી જશે. ઈન્કમટેક્સના જે નવા નિયમો અમલમાં આવશે તે આ મુજબ છે.

## ૨.૫૦ લાખ સુધીની વાર્ષિક આવક માટે ટેક્સ ફ્રી: પાંચ લાખ સુધીના કરદાતાને ૧૨,૫૦૦ની બચત થશે

૧: વર્ષે રૂ. ૨.૫ લાખથી ૫ લાખ સુધીની આવક ધરાવનારે ૧૦ ટકાને બદલે ૫ ટકા જ ટેક્સ ભરવો પડશે. આનાથી કરદાતાને રૂ. ૧૨,૫૦૦ સુધીની બચત થશે. બીજી બાજુ રૂ. ૧ કરોડથી વધુ આવક ધરાવનારને આ સ્લેબમાં સરચાર્જ અને સેસ સહિત કુલ રૂ. ૧૪,૮૦૬ સુધીની બચત થશે.

૨: રૂ. ૩.૫ લાખ સુધીની વાર્ષિક આવકવાળાઓ માટે ટેક્સ-રિબેટ રૂ. ૫,૦૦૦થી ઘટાડીને ૨,૫૦૦ કરી દેવાયું છે. પહેલા આ છૂટ રૂ. ૫ લાખ સુધીની આવકવાળા માટે હતી. ટેક્સરેટ અને રિબેટમાં ફેરફાર કરાતાં હવે રૂ. ૩.૫ લાખ સુધીની કરપાત્ર આવક સામે રૂ. ૫,૧૫૦ને બદલે રૂ. ૨,૫૭૫ ટેક્સ ચૂકવવો પડશે.

૩: વર્ષે રૂ. ૫૦ લાખથી ૧ કરોડ સુધીની આવકવાળા કરદાતાને ચૂકવવા પડતા કુલ ટેક્સ પર ૧૦ ટકા સરચાર્જ લાગશે. ઉપરાંત રૂ. ૧ કરોડથી વધુની આવકવાળા અતિસમૃદ્ધ લોકોએ પહેલાની જેમ ૧૫ ટકા સરચાર્જ ભરવાનો રહેશે.

૪: સ્થાવર મિલકતનો હોલ્ડિંગ પિરિયડ ૩ વર્ષના બદલે ૨ વર્ષને

● અનુસંધાન પાના ૧૧ પર